ન.ગવઅ/એસબીએમ/શૌચાલય/એસ.એ.જી.વાય/૧૫

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
પ્રથમ માળ,સેવા સદન,
મુન્દ્રા રોડ ભુજ–કચ્છ.
તા.૨૦/૦૬/૨૦૧૫

પ્રતિ,
પ્રેસીડેન્સશ્રી
વેલ્સપન ફાઉન્ડેશન
વરસામેડી, અંજાર

વિષયઃ– સાંસદ આદર્શ ગામમાં શૌચાલયની કામગીરી કરવા બાબત

સંદર્ભઃ– કંપની મેમ્બર સાથે તા.૧૯/૦૬/૦૧૫ ના રોજ થયેલ મિટીગ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે માન.વડાપ્રધાનશ્રી દવારા જાહેર થયેલ સાંસદ આદર્શ ગામ યોજના અતર્ગત પસંદ કરવામાં આવેલ રાપર તાલુકાના સુવઈ ગ્રામપંચાયતમાં હાલમાં અંદાજે ૧૦૦ જેટલા લાભાર્થી શૌચાલય વિહોણા છે.આદર્શ ગામ બનાવવા માટે ૧૦૦% શૌચાલય હોવા આવશ્યક છે.આપના દવારા અંજાર તાલુકામાં શૌચાલય વિહોણા કુંટુંબોને શૌચાલય બનાવવા માટે મદદ કરવામાં આવી રહી છે. જે કામગીરી ખુબ જ પ્રસશનીય છે.જેની સારી નોધ લેવાયેલ છે.

રાપર તાલુકામાં ઉધોગ નથી જેથી તે તાલુકામાં કંપનીની મદદ મળી શકે તેમ નથી આપના દવારા અંજાર તાલુકાની પ્રસશનીય કામગીરીમાં જો રાપર તાલુકાના સુવઈ ગામમાં આશરે ૧૦૦ જેટલા લાભાર્થીને શૌચાલય બાંધી આપવામાં આવશે તો તે " સોનામાં સુગધ " સમાન કામગીરી રહેશે આ બાબતે અંજાર તાલુકા પંચાયતમાં તા.૧૯/૦૬/૨૦૧૫ના રોજ થયેલ મિટીગ દરમ્યાન અને ધ્વની સંદેશ મારફત થયેલ સર્ચા મુજબ રાપર તાલુકાના સુવઈ ગામમાં શૌચાલય ની કામગીરી આપની કક્ષાએથી કરવામાં આવે તો સાંસદશ્રી દવારા પંસદ કરવામાં આવેલ ગામમાં નિયત સમય મર્યાદામાં શૌચાલયની કામગીરી પુર્ણ કરી શકાય આનંદ સાથે જણાવવાનું કે પ્રાથમિક ચર્ચામાં જ આપના તરફથી હકારાત્મક વલણ દાખવેલ છે. જે પ્રસશનીય જેથી રાપર તાલુકાના સુવઈ ગામમા બાકી ૧૦૦ જેટલા શૌચાલયની કામગીરીમાં સહયોગ આપવામાં આવે તેવી નમ્ર વિનંતી નમ્ર અનુરોધ છે.

નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
કચ્છ – ભુજ